"મીઠાં બાળકો - બાપ પાસે થી સર્વ સંબંધોનું સુખ લેવું છે તો બીજા બધાંથી બુદ્ધિની પ્રીત કાઢી મામેકમ્ યાદ કરો, આ જ મંઝિલ છે"

પ્રશ્ન :- આપ બાળકો આ સમયે કયું સારું કર્મ કરો છો, જેનાંથી રિટર્ન માં સાહૂકાર બની જાઓ છો?

ઉત્તર :- સૌથી સારામાં સારું કર્મ છે - જ્ઞાન રતનો નું દાન કરવું. આ અવિનાશી જ્ઞાન ખજાનો જ ટ્રાન્સફર (પરિવર્તન) થઈ ૨૧ જન્મો માટે વિનાશી ધન બની જાય છે, એનાંથી જ માલામાલ બની જાઓ છો. જે જેટલાં જ્ઞાન રતનો ને ધારણ કરી બીજાઓને ધારણ કરાવે છે એટલાં જ સાહૂકાર બને છે. અવિનાશી જ્ઞાન રતનો નું દાન કરવું - આ જ છે સર્વોત્તમ સેવા.

ઓમ્ શાંતિ ! શિવબાબા પોતાનાં સાલિગ્રામ બાળકોને સમજાવે છે. આ છે પરમાત્મા નાં પોતાનાં બાળકો, આત્માઓ પ્રત્યે જ્ઞાન. આત્મા, આત્માને જ્ઞાન નથી આપતો. પરમાત્મા શિવ બ્રહ્મા, સરસ્વતી અને આપ લકી સિતારાઓ બાળકો પ્રતિ બેસી સમજાવે છે તેથી એમને પરમાત્મ જ્ઞાન કહેવાય છે. પરમાત્મા તો એક જ છે બાકી ક્રિયેશન છે ક્રિયેટર ની (રચના છે રચયિતા ની). જેમકે લૌકિક બાપ એવું નહીં કહે કે આ બધાં મારા રુપ છે. ના. કહેશે આ મારી રચના છે. તો આ રુહાની બાપ છે જેમને પણ પાર્ટ મળેલો છે. એ જ મુખ્ય એક્ટર, ક્રિયેટર અને ડાયરેક્ટર છે. આત્માને ક્રિયેટર ન કહેવાય. પરમાત્મા માટે કહેવાય છે તમારી ગત મત તમે જ જાણો. એ બધાં ગુરુઓની તો પોત-પોતાની અલગ મત છે એટલે પરમાત્મા આવીને એક મત આપે છે. એ છે મોસ્ટ બિલવેડ (સૌથી પ્રિય). એ એકની સાથે બુદ્ધિ યોગ લગાવવાનો છે, બીજા જેની પણ સાથે તમારી પ્રીત છે તે બધી દગો આપવા વાળી છે એટલે આ બધાં માંથી બુદ્ધિ કાઢવાની છે. હું તમને સર્વ સંબંધોનું સુખ આપીશ ફક્ત મામેકમ્, આ છે મંઝિલ. હું બધાંનો ડિયરેસ્ટ ડેડ (પ્યારા પિતા) પણ છું, શિક્ષક પણ છું, ગુરુ પણ છું. તમે સમજો છો એમનાં દ્વારા આપણને જીવન મુક્તિ મળે છે. આ જ અવિનાશી જ્ઞાન ખજાનો છે, આ ખજાનો ટ્રાન્સફર થઈ પછી ૨૧ જન્મ માટે વિનાશી ધન બની જાય છે. ૨૧ જન્મ આપણે બહુજ માલામાલ થઈ જઈએ છીએ. રાજાઓનાં રાજા બનીએ છીએ. આ અવિનાશી ધનનું દાન કરવાનું છે. પહેલાં તો વિનાશી ધન દાન કરતા હતાં તો અલ્પકાળ ક્ષણ ભંગુર સુખ બીજા જન્મમાં મળતું હતું. કહેવાય છે કે પહેલાં નાં જન્મમાં કાંઈક દાન પુણ્ય કર્યા છે જેનું ફળ મળે છે. તે ફળ એક જન્મ નું જ મળે છે. જન્મ-જન્માંતર નું પ્રાલબ્ધ નહીં કહીશું. આપણે જે હમણાં કરીશું એનું પ્રાલબ્ધ આપણને જન્મ-જન્માંતર મળશે. તો હવે આ છે અનેક જન્મોની બાજી (રમત). પરમાત્મા પાસે થી બેહદનો વારસો લેવાનો છે. સૌથી સારું કર્મ છે અવિનાશી જ્ઞાન ખજાનાનું દાન કરવું. જેટલું ધારણ કરી બીજાઓને કરાવશો એટલાં પોતે પણ સાહૂકાર બનશો, બીજાઓ ને પણ બનાવશો. આ છે સર્વોત્તમ સેવા, જેનાંથી સદ્ગતિ થાય છે. દેવતાઓનાં રીત-રિવાજ જુઓ કેવાં સંપૂર્ણ નિર્વિકારી, અહિંસા પરમોધર્મ છે. પ્યૂરિફિકેશન (સંપૂર્ણ પવિત્રતા) સતયુગ-ત્રેતામાં જ હોય છે. દેવતાઓ જ બહિશ્ત માં રહેવા વાળા છે, એમને જ ઊંચા ગાય છે. જે સૂર્યવંશી સતયુગ માં બને છે એ જ સંપૂર્ણ છે, પછી થોડી ખાદ પડી જાય છે. હવે તમે સમજો છો દેવતાઓ કયા બહિશ્ત નાં નિવાસી છે. વૈકુંઠ છે વન્ડરફુલ (અદ્દભુત) દુનિયા, ત્યાં બીજા ધર્મ વાળા જઈ નહીં શકે. આ સર્વ ધર્મોને રચવા વાળા ઊંચા માં ઊંચા ભગવત છે. આ દેવતા ધર્મ કોઈ બ્રહ્મા નથી સ્થાપન કરતા, એ તો કહે છે કે હું અપવિત્ર હતો, મારામાં જ્ઞાન ક્યાંથી આવ્યું. બીજા બધાં પવિત્ર આત્મા ઉપરથી આવે છે પોતાનો ધર્મ સ્થાપન કરવાં. અહીં તો પરમાત્મા ધર્મ સ્થાપન કરે છે, જ્યારે આમનામાં આવે છે ત્યારે એમનું નામ બ્રહ્મા રાખે છે. કહેવાય છે બ્રહ્મા દેવતાય નમઃ, વિષ્ણુ દેવતાય નમઃ.... હવે પ્રશ્ન ઉઠે છે કે આ દેવતાઓ થી મનુષ્ય સૃષ્ટિ રચાઈ શું? ના. પરમાત્મા કહે છે હું જે સાધારણ તનમાં આવું છું, એનું નામ બ્રહ્મા પડે છે. એ સૂક્ષ્મ બ્રહ્મા છે, તો બે બ્રહ્મા થઈ ગયાં. આમનું બ્રહ્મા નામ રખાયું છે કારણ કે કહે છે સાધારણ તનમાં આવું છું. બ્રહ્મા નાં મુખકમળ થી બ્રાહ્મણ રચું છું. આદિ દેવ થી હ્યુમાનિટી (મનુષ્ય સૃષ્ટિ) રચાઈ ગઈ, આ થઈ હ્યુમાનિટી નાં પહેલાં બાબા. પછી વૃધ્ધિ થતી જાય છે.

હવે તમને રાજાઓના રાજા બનાવે છે. પરંતુ બનશો ત્યારે જ્યારે દેહ સહિત દેહનાં સર્વ સંબંધોથી સંબંધ

તોડશો. બાબા હું તમારો જ છું, બસ. આ તો નિશ્ચય છે કે અમે જ પ્રિન્સ (રાજકુમાર) બનીએ છીએ. ચતુર્ભુજ નો સાક્ષાત્કાર થાય છે ને. તે છે જ યુગલ. ચિત્રોમાં બ્રહ્માને ૧૦-૨૦ ભુજાઓ દેખાડે છે. કાળી ને કેટલી ભુજાઓ આપી દીધી છે, આટલી ભુજાઓ વાળી વસ્તુ તો હોતી નથી. આ બધાં અસ્ત્ર-શસ્ત્ર છે. આપણો છે જ પ્રવૃત્તિ માર્ગ. બાકી બ્રહ્માની જે આટલી ભુજાઓ દેખાડે છે, સમજે છે આ જે બ્રહ્મા નાં બાળકો છે તેઓ જેમકે એમની ભુજાઓ છે. બાકી આ કાળી વગેરે કાંઈ નથી, જેવી રીતે કૃષ્ણને કાળા કરી દીધાં છે તેવી રીતે કાળીનું પણ ચિત્ર કાળુ કરી દીધું છે. આ જગદંબા પણ બ્રાહ્મણી છે. હું પોતાને ભગવાન અથવા અવતાર નથી કહેતો. બાબા કહે છે ફક્ત મામેકમ્ યાદ કરો. હકીકત માં બધાં શિવકુમાર છે સાલિગ્રામ. પછી મનુષ્ય તનમાં આવવાથી તમે બ્રહ્માકુમાર બ્રહ્માકુમારી કહેવાઓ છો. બ્રહ્માકુમાર કુમારીઓ પછી જઈને વિષ્ણુકુમાર કુમારીઓ બનશે. બાપ ક્રિયેટ કરે છે પછી પાલના પણ એમને કરવી પડે છે. આવાં ડિયરેસ્ટ ડેડ (અતિ પ્રિય પિતા) નાં તમે વારીસ છો, એમની સાથે તમે સોદો કરો છો. આ તો વચ્ચે દલાલ છે.

બાબા છે હોલી ગવર્મેન્ટ (પવિત્ર સરકાર), એ આવ્યાં છે આ ગવર્મેન્ટ ને પણ પાંડવ ગવર્મેન્ટ બનાવવાં. આ છે આપણી ઊંચી સેવા. ગવર્મેન્ટ ની પ્રજાને આપણે મનુષ્ય થી દેવતા બનાવીએ છીએ બાબાની મદદ થી. તો આપણે એમનાં સેવક છીએ ને. આપણે વર્લ્ડ સર્વેન્ટ (દુનિયા નાં સેવક) છીએ, આપણે બાબાની સાથે આવ્યાં છીએ આખી દુનિયાની સર્વિસ (સેવા) કરવા. હું કાંઈ લેતો નથી. વિનાશી ધન, મહેલ વગેરે હું શું કરીશ? મારે તો ફક્ત ૩ પગ પૃથ્વી જોઈએ.

આપ બાળકોને હમણાં સાચ્ચુ-સાચ્ચુ જ્ઞાન મળી રહ્યું છે, શાસ્ત્રોનાં જ્ઞાન ને જ્ઞાન નહીં કહીશું, તે ભક્તિ છે. જ્ઞાન એટલે સદ્દગતિ. સદ્દગતિ એટલે મુક્તિ-જીવનમુક્તિ. જ્યાં સુધી જીવનમુક્ત નથી થયાં ત્યાં સુધી મુક્ત પણ નથી થઈ શકતાં. આપણે જીવન-મુક્ત થઈએ છીએ. બાકી બધાં મુક્ત થાય છે. ત્યારે તો કહે છે તમારી ગત મત તમે જ જાણો. પછી એમાં પણ સર્વવ્યાપી પરમાત્મા છે, આ વાત નથી રહેતી. આ તો કહે છે કે કલ્પ-કલ્પ હું પોતાની મત થી બધાંની સદ્દગતિ કરું છું. સદ્દગતિ ની સાથે ગતિ આવી જ જાય છે. નવી દુનિયામાં રહે જ થોડા છે. પહેલાં આપણે કહેતાં હતાં ઘટ માં જ સૂર્ય, ઘટમાં જ ચંદ્ર, ઘટમાં જ ૯ લાખ તારા..... ઘટમાં સૂર્ય આ સમયે છે. ઘટ માં શિવ છે, જેમનો જ આટલો વિસ્તાર છે. પછી ઘટમાં મમ્મા બાબા અને લકી સ્ટાર્સ (ભાગ્યવાન સિતારા). વિવેક પણ કહે છે સતયુગ માં જરુર થોડી સંખ્યા હોવી જોઈએ. પછી વૃધ્ધિ થાય છે. આ બધી સમજવાની વાતો છે. જે જેટલાં પવિત્ર હશે એટલી ધારણા થશે. અપવિત્રતા થી ધારણા ઓછી થશે. પવિત્રતા ફર્સ્ટ (પ્રથમ). ક્રોધ નું પણ ભૂત રહી જાય છે તો માયા થી હાર ખાઈ લે છે. આ યુદ્ધ છે ને. ઉસ્તાદને પૂરો હાથ આપવાનો છે. નહીં તો માયા બહુજ પ્રબળ છે. જેનાં હાથમાં હાથ છે એમનાં માટે જ વરસાદ છે. જેવી રીતે બાબા સાક્ષી થઈ પાર્ટ પણ ભજવે છે, જુએ પણ છે. આ તો સમજી શકો છો કે મા-બાપ અને લક્કી સિતારાઓ જે અનન્ય છે એમને જ ફોલો (અનુસરણ) કરવાનાં છે. આ તો સમજાવ્યું છે કે મોરલી વાંચવાનું ક્યારેય નહીં છોડતાં. અચ્છા!

મીઠાં-મીઠાં સિકીલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપનાં રુહાની બાળકોને નમસ્તે.

રાત્રી ક્લાસ - ૨૩ - ૧૨ - ૫૮

જુઓ, ઓલમાઇટી (સર્વશક્તિમાન) બાબાનાં આ બધાં કેટલાં રુહાની કારખાના (સેન્ટર્સ) છે. જ્યાંથી દરેકને રુહાની રતન મળે છે. બાબા છે બધાં કારખાનાઓનાં શેઠ. મેનેજર્સ લોકો સંભાળી રહ્યાં છે, દુકાનો ચાલી રહી છે. દુકાન કહો, હોસ્પિટલ કહો....આ આપ બ્રાહ્મણો નો પરિવાર પણ છે. તમારે પોતાનું જીવન બનાવવાનું છે ભણતર થી. એમાં રુહાની અને જિસ્માની (શારીરિક) બંને સાથે છે. બંને બેહદ નાં છે. અને તે છે રુહાની, શરીરધારી બંને હદ નાં. ગુરુ લોકો જે પણ શાસ્ત્રો વગેરેની રુહાની શિક્ષા આપે છે તે બધી છે હદ ની. આપણે કોઈ પણ મનુષ્યને ગુરુ નથી માનતા. આપણા છે એક સદ્દગુરુ, જે એક જ રથમાં આવે છે. ઘડી-ઘડી એમને યાદ કરશો ત્યારે જ વિકર્મ વિનાશ થશે. તમને ધન એ ગ્રેન્ડફાધર પાસેથી (પરમપિતા પરમાત્મા) થી મળે છે, એટલે એમને યાદ કરવાનાં છે. કોઈ પણ કર્મ એવું નથી કરવાનું જે વિકર્મ બની જાય. સતયુગ માં કર્મ, અકર્મ થાય છે, અહીં કર્મ વિકર્મ થાય છે કારણ કે ૫ ભૂત છે. હું બિલકુલ સેફ (સુરક્ષિત) છું. બાબા કહે છે વિકાર દાનમાં આપી દો પછી જો પાછા લીધા તો નુકસાન થઈ જશે. એવું નહીં સમજતાં છુપાઈને કરશું તો ખબર થોડી પડશે. ધર્મરાજ

ને તો ખબર પડશે ને. આ સમયે જ બાબા ને અંતર્યામી કહેવાય છે, દરેક બાળકો નું રજીસ્ટર એ જોઈ શકે છે. આપણને બાળકોને અંદર થી જાણવા વાળા છે તેથી છુપાવવું ન જોઈએ. એમ પણ ચીઠ્ઠી લખે છે કે બાબા અમારાથી ભૂલ થઈ છે માફ કરજો. ધર્મરાજ નાં દરબારમાં સજા નહીં આપતાં. જેમકે ડાયરેક્ટ (સીધું) શિવબાબાને લખે છે. બાબા નાં નામ પર આ પોસ્ટ બોક્સમાં ચિઠ્ઠી નાખી દે છે. ભૂલ બતાવવાથી અડધી સજા માફ થઈ જશે. અહીં પ્યોરિટી (પવિત્રતા) બહુજ જોઈએ. સર્વગુણ સંપન્ન, સોળે કળા સંપન્ન અહીં બનવાનું છે. રિહર્સલ અહીં થશે પછી ત્યાં પ્રેક્ટિકલ પાર્ટ ભજવવાનો છે. પોતાની તપાસ કરવાની છે - કોઈ વિકર્મ તો નથી કરતાં? સંકલ્પ તો ખૂબજ આવશે, માયા બહુજ પરીક્ષા લેશે, ડરતા નહીં. બહુજ નુકસાન થશે, ધંધો નહીં ચાલે, પગ તૂટી જશે, બીમાર થઈ પડશો...કાંઈ પણ થઈ જાય બાબાનો હાથ નહીં છોડતાં. અનેક પ્રકારની પરીક્ષાઓ આવશે. પહેલાં-પહેલાં બાબાની સામે આવે છે, તેથી બાબા બતાવે છે ખબરદાર રહેજો. પહેલવાન બનવાનું છે.

જુઓ, ભારતમાં જેટલી બધાંને રજાઓ મળે છે એટલી બીજે ક્યાંય નથી મળતી, પરંતુ અહીં આપણને એક સેકન્ડ પણ રજા નથી મળતી કારણ કે બાબા કહે છે શ્વાસો શ્વાસ યાદમાં રહો. એક એક શ્વાસ અમોલક (અમૂલ્ય) છે. તો વેસ્ટ (વ્યર્થ) કેવી રીતે કરી શકો. જે વેસ્ટ કરે છે તે પદ ભ્રષ્ટ કરે છે. આ જન્મ નો એક એક શ્વાસ મોસ્ટ વેલ્યુએબલ (અતિશય કિંમતી) છે. રાત દિવસ બાબાની સર્વિસ માં રહેવું જોઈએ. તમે ઓલમાઈટી (સર્વ શક્તિમાન) બાબા નાં ઉપર આશિક છો કે એમનાં રથ પર? કે બંને પર? જરૂર બંનેના આશિક થવું પડે. બુદ્ધિમાં આ રહેશે કે તેઓ આ રથમાં છે. એમનાં કારણે તમે આમનાં પર આશિક થયાં છો. શિવના મંદિરમાં પણ બળદ રાખેલો છે. તેને પણ પૂજાય છે. કેટલી ગુહ્ય વાતો છે જે રોજ નથી સાંભળતા તો કોઈ કોઈ પોઈન્ટ મિસ કરી દે છે. રોજ સાંભળવા વાળા ક્યારેય પોઈન્ટ માં ફેલ નહીં થાય. મેનર્સ (શિષ્ટાચાર) પણ સારા રહેશે. બાબાની યાદમાં બહુજ પ્રોફીટ (ફાયદો) છે. પછી છે બાબા નાં જ્ઞાન ને યાદ કરવું. યોગમાં પણ પ્રોફિટ, જ્ઞાનમાં પણ પ્રોફિટ. બાબાને યાદ કરવા એમાં છે મોસ્ટ પ્રોફિટ કારણ કે વિકર્મ વિનાશ થાય છે અને પદ પણ ઊંચુ મળે છે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડનાઈટ, રુહાની બાપનાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. શ્વાસો શ્વાસ બાપ ને યાદ કરવાનાં છે, એક પણ શ્વાસ વ્યર્થ નથી ગુમાવવાનો. કોઈ પણ કર્મ એવું નથી કરવાનું જે વિકર્મ બની જાય.
2. ઉસ્તાદ નાં હાથમાં હાથ આપી સંપૂર્ણ પાવન બનવાનું છે. ક્યારેય ક્રોધનાં વશીભૂત થઈને માયા થી હાર નથી ખાવાની. પહેલવાન બનવાનું છે.

વરદાન :- સમર્થ સ્થિતિ નાં આસન પર બેસી વ્યર્થ અને સમર્થ નો નિર્ણય કરવા વાળા સ્મૃતિ સ્વરુપ ભવ

આ જ્ઞાન નું એસન્સ (સાર) છે સ્મૃતિ સ્વરુપ બનવું. દરેક કાર્ય કરતા પહેલાં આ વરદાન દ્વારા સમર્થ સ્થિતિ નાં આસન પર બેસી નિર્ણય કરો કે આ વ્યર્થ છે કે સમર્થ છે પછી કર્મમાં આવો, કર્મ કર્યા પછી ફરી ચેક કરો કે કર્મ નાં આદિ, મધ્ય, અંત ત્રણેય કાળ સમર્થ રહ્યાં? આ સમર્થ સ્થિતિ નું આસન જ હંસ આસન છે, એની વિશેષતા જ નિર્ણય શક્તિ છે. નિર્ણય શક્તિ દ્વારા સદાય મર્યાદા પુરુષોત્તમ સ્થિતિ માં આગળ વધતા જશો.

સ્લોગન :- અનેક પ્રકારનાં માનસિક રોગો ને દૂર ભગાડવાનું સાધન છે- સાઈલેન્સ (શાંતિ) ની શક્તિ.